મહત્તમ : ૨૫.૮ ડીગ્રી
લઘુતમ : ૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૩૧ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગરમાં ગુજરાત ગેસની સર્વિસ યોગ્ય ન મળતા ગ્રાહકોમાં રોષ

પીએનજી ગેસની નાની-નાની ફરિયાદ માટે ગ્રાહકોએ લાંબી રાહ જોવી પડે છે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં પીએનજી ગેસ સપ્લાય કરતી ગુજરાત ગેસ કંપનીની સેવાઓ કથળતી હોવાની ગ્રાહકોમાં ફરિયાદ ઉઠવા પામી છે. પીએનજી ગેસની લાઈન ધરાવતા ગ્રાહકો વારંવાર ગેસલાઈન સંબંધિત સમસ્યાને લઈ ફરિયાદ ગુજરાત ગેસમાં કરે છે પરંતુ ગેસ કંપનીની સર્વિસ સમયસર ન મળતા ગ્રાહકોને હેરાન પરેશાન થવુ પડે છે. મહિનો પુરો થતા જ ગેસનુ બીલ આવી જાય છે, પરંતુ ઘરે સર્વિસ યોગ્ય ન મળતી હોવાથી ગ્રાહકોમાં રોષ જોવા મળ્યો છે.

ગાંધીનગર શહેરમાં મોટાભાગના રહેણાંક વિસ્તારમાં ગુજરાત ગેસ સર્વિસ કંપની દ્વારા પાઈપલાઈન મારફતે પીએનજી ગેસ આપવામાં આવે છે. નગરજનો પણ આ પીએનજી ગેસનો લાભ લઈ રહ્યા છે. શરૂઆતના સમયમાં પીએનજી ગેસની લાઈન ધરાવતા ગ્રાહકોને કંપની દ્વારા મજબુત સેવાઓ આપવામાં આવતી હતી પરંતુ છેલ્લા ઘણા સમયથી ગુજરાત ગેસની સેવાઓમાં લાલીયાવાળી જોવા મળી રહી છે. પીએનજી ગેસની લાઈન લેવા માંગતા ગ્રાહકોએ અરજી કર્યા પછી પણ બે-ત્રણ માસ સુધી રાહ જોવી પડે છે. ઉપરાંત પીએનજી ગેસ સંબંધિત કોઈ ફરિયાદ કરવામાં આવતા લાંબા સમય સુધી તેમની સમસ્યાઓનું નિરાકરણ થતુ નથી. કંપની ગેસ કનેક્શન આપ્યા બાદ ગ્રાહકોને નાની-નાની ફરિયાદો માટે વારંવાર ગેસ કંપનીની કચેરીમાં ધક્કા પણ ખાવા પડે છે. ગેસ કંપની માસિક બીલ તો સમયસર ગ્રાહકોના ઘરે પહોંચતુ કરી દે છે પરંતુ સમયસર ગેસ સંબંધિત સેવાઓ ગ્રાહકોને આપવામાં નિષ્ફળ નિવડી છે. તેવી ફરિયાદો ગ્રાહકો તરફથી ઉઠવા પામી છે. શહેરમાં પીએનજી ગેસ સપ્લાય કરતી ગુજરાત ગેસ પોતાની સેવા યોગ્ય રીતે ન નિભાવતા હોવાનો પણ રોષ ગ્રાહકોએ વ્યક્ત કર્યો છે.

મહુન્દ્રા પાટીયા પાસે શાકભાજી ભરેલુ આઈશર પલટી મારી ગયું

વહેલી સવારે પ્રાંતિજથી શાકભાજી ભરીને જમાલપુર તરફ જઈ રહેલા આઈસરનુ મહુન્દ્રા પાસે ટાયર ફાટતા અકસ્માત સર્જાયો : સદભાગ્ય કોઇ જાનહાનિ નહી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક હિંમતનગર-ચિલોડા હાઇવે ઉપર મહુન્દ્રા પાટીયા પાસે આજે વહેલી સવારે શાકભાજી ભરેલું એક આઈસર ટ્રક પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. પ્રાંતિયા પાસેથી શાકભાજી ભરીને અમદાવાદના જમાલપુર તરફ આ આઈસર ટ્રક જઈ રહ્યું હતું તે દરમિયાન મહુન્દ્રા પાટીયા પાસે અચાનક ટાયર ફાટી જતાં આઈસર ટ્રક ડિવાઈડર સાથે અથડાઈને ઊંધા માથે થઈ ગયું હતું. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા કે જાનહાની થવા પામી ન હતી.

પ્રાંતિયા તાલુકાના ધડકણ ગામેથી જોટામણી રોડવેઝનું શાકભાજી ભરેલું આઈસર ટ્રક અમદાવાદના જમાલપુર વિસ્તાર તરફ જઈ રહ્યું હતું. જીજે ૯ ઝેડ ૧૭૯૩ નંબરનુ આઈસર ટ્રક આજે વહેલી સવારે પ્રાંતિયા થી નેશનલ હાઇવે નંબર-૮ પર નીકળ્યું હતું તે દરમિયાન આ ટ્રકને મહુન્દ્રા પાટીયા પાસે અકસ્માત નડયો હતો. વહેલી સવારે ચારેક વાગ્યાના અરસામાં મહુન્દ્રા પાટીયા પાસે ટ્રક પાછળ નું ટાયર અચાનક ફાટી જતાં ટ્રકચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો અને આ ટ્રક ડિવાઈડર સાથે ટકરાઈને પલટી મારી ગયો હતો. શાકભાજી ભરેલુ આઈસર ટ્રક પલટી મારીને ઉંધામાથે થઈ જતા અંદરની શાકભાજી હાઇવે ઉપર ઢોળાઈને વેરણછેરણ થઈ ગઈ હતી. શાકભાજી લઈને જઈ રહેલા આઈસર ટ્રક ચાલક તથા ખેડૂતોનો આ માર્ગ અકસ્માતમાં ચમત્કારીક બચાવ થવા પામ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈને ગંભીર ઈજાઓ કે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

સાંતેજમાં ચોરોએ બેંકનાં એટીએમને નિશાન બનાવ્યુ

એટીએમ મશીનમાંથી એલઈડી અને સીસીટીવી કેમેરાની ચોરી

ગાંધીનગર, તા.૩૧

કલોલ તાલુકાના સાંતેજ ગામમાં બેન્ક ઓફ ઈન્ડિયા એટીએમ મશીનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું હતું. એટીએમના કેબિનમાં ઘૂસીને તસ્કરોએ અંદરથી એલઈડી સ્ક્રીન, સીસીટીવી કેમેરા, સીસીટીવી કેમેરાનું સ્ટોરેજ જ્યાં થાય તે ડીવીઆર મશીન સેટ અને મોડેમ સેટ મળીને ૩૭ હજાર ની કિંમતના મુદ્દામાલની ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ ચોરી મામલે સાંતેજ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થવા પામી છે. નવાઈની વાત એ છે કે આ એટીએમનાં કેબીનમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતો જવાન અટીએમ કેબિનની સામેના મકાનમાં જ રહે છે. સિક્યુરિટી ગાર્ડનું કહેવું છે કે તે રાત્રે જાગતો જ હતો અને જ્યારે આ ચોરો આવ્યા ત્યારે પણ તેનું ધ્યાન હતું પરંતુ એટીએમમાં રૂપિયા ઉપાડવા આવ્યા હોવાનું માનીને તે ત્યાં ગયો ન હતો.

આજે એનઆઈસીએમ ખાતે રાષ્ટ્રીયકક્ષાની મેનેજમેન્ટ ઈવેન્ટ આરોહણ-૨૦૧૯નું આયોજન

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર ખાતેની જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ ખાતે તા. ૧લી ફેબ્રુઆરી શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકે મેનેજમેન્ટ ઈવેન્ટ 'આરોહણ-૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું છે. આરોહણ-૨૦૧૯માં રાષ્ટ્રભરમાંથી ૭૦૦ વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેશે. આરોહણ-૨૦૧૯માં એનઆઈસીએમ કેમ્પસના વિદ્યાર્થીઓ સમગ્ર દિવસ દરમ્યાન સિંગીંગ, ડાન્સીંગ, ફેસ પેઈન્ટિંગ, રંગોલી, ક્વીઝ કોમ્પિટીશન, સલાડ ડેકોરેશન જેવી સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાની આવડત તથા કૌશલ્યનું નિદર્શન કરશે. આરોહણ-૨૦૧૯ રાષ્ટ્રીયકક્ષાની મેનેજમેન્ટ ઈવેન્ટ હશે જેમાં દેશની વિવિધ યુનિવર્સિટીના ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

@ગાંધીનગર

● ઈન્ફોસીટી પાસે એન.આઈ.સી.એમ. કેમ્પસ ખાતે સવારે ૧૧ કલાકે આરોહણ ૨૦૧૯ કાર્યક્રમ યોજાશે.

● સિનિયર સિટીઝન્સ કાઉન્સીલની માસિક સભા સાંજે ૪ કલાકે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સે. ૭ ખાતે યોજાશે.

● સેક્ટર-૩૦ જાગૃતિપાર્ક સોસાયટી ખાતે સાંજે ૪.૩૦થી ૬.૧૫ કલાક દરમિયાન જન જાગૃતિ કાનૂની શિબિર યોજાશે.

રામેશ્વર મહાદેવમાં બીજીએ સદાશિવનો રૂદ્રાભિષેક

ગાંધીનગર, તા. ૩૧

વિક્રમ સંવત ૨૦૭૫ના પોષ માસની કૃષ્ણપક્ષ શિવરાત્રિ તા. ૨જી ફેબ્રુઆરી શનિવારના રોજ છે. રૂદ્રાભિષેક મંડળના ઉપક્રમે ભગવાન સદાશિવનો રૂદ્રાભિષેક સાંજે ૪ વાગે શ્રી રામેશ્વર મહાદેવ સેક્ટર-૩ ખાતે યોજવામાં આવેલ છે. તેમ મહામંત્રી બી.ડી. શર્માએ જણાવેલ છે.

સરકારી ઈજનેરી કોલેજ ખાતેના રક્તદાન કેમ્પમાં ૧૮૨ યુનિટ્સ રક્ત એકત્ર થયું..!!

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના સેક્ટર-૨૮ સ્થિત સરકારી ઈજનેરી કોલેજ ખાતે આજે રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં યુવા વિદ્યાર્થીઓએ ખૂબજ મોટા પ્રમાણમાં ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યુ હતુ. જેના પ્રતાપે કુલ ૧૮૨ યુનિટ્સ રક્ત એકત્ર થવા પામ્યું હતું.

પાટનગરમાં રક્તદાન જેવી સામાજિક સેવાકીય પ્રવૃત્તિ અંગે જાગૃતિ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જેમાં યુવાનો પણ અગ્રેસર રહે છે તે વાતની પ્રતિતિ આજે સરકારી ઈજનેરી કોલેજ ખાતે યોજાયેલા સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ પરથી થવા પામી છે. રાષ્ટ્રીય સેવા યોજના એનએસએસ દ્વારા સંચાલિત આ રક્તદાન કેમ્પમાં માત્ર વિદ્યાર્થીઓ જ નહી પરંતુ સંસ્થાના કર્મચારીઓ પણ ઉત્સાહપૂર્વક જોડાતા કુલ ૧૮૨ યુનિટ્સ રક્ત એકત્ર થવા પામ્યું હતું. અત્યંત પ્રોત્સાહક પ્રતિસાદ પામેલા આ રક્તદાન કેમ્પમાં રક્ત એકત્ર કરવાની સેવા અમદાવાદની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આપવામાં આવી હતી. આ કેમ્પમાં અમદાવાદની લાયન્સ ક્લબ તથા ધ ગેટ એકેડેમીએ પણ સહયોગ પુરો પાડ્યો હતો.

તસ્કરોનો હવે પોલીસના જ ગોડાઉનમાં પગપેસારો...!

સે-૨૮ પ્રેસ સર્કલ પાસે આવેલા ઈન્ટર સ્ટેટ પોલીસ વાયરલેસ સ્ટેશનનાં ગોડાઉનમાં ચોરી

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર શહેરમાં વાહન ચોરોનો આતંક એક બાજુ પરાકાષ્ટાએ પહોંચ્યો છે ત્યાં બીજી બાજુ ઘરફોડ ચોરી કરીને શહેરમાં ફફડાટ ફેલાવી દેનાર તસ્કરો પણ દરરોજ જાણે પોલીસને લલકારી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં ચોરો બેફામ બન્યા છે ત્યારે હવે તો આ ચોરોમાં એટલી હિંમત આવી ગઈ છે કે પોલીસના જ ગોડાઉન સુધી પગપેસારો થઈ ગયો છે. સે-૨૮ ખાતે પ્રેસ સર્કલ નજીક આવેલા ઈન્ટર સ્ટેટ પોલીસ વાયરલેસ સ્ટેશનના ઘણા સમયથી બંધ પડી રહેલા ગોડાઉનમાં તસ્કરો ત્રાટકયા હતા અને અંદરથી પાણીના નળ, લોખંડની પાઈપ અને વિવિધ કેબલોની ચોરી કરી ગયા હતા. આ મામલે સ્ટેશન અધિક્ષકે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર સ્થિત ઈન્ટર સ્ટેટ પોલીસ વાયરલેસ સ્ટેશનમાં સ્ટેશન અધિક્ષક તરીકે ફરજ બજાવતા કલારામ રામજીભા પઢેરીયાએ સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ઘ-૭ પ્રેસ સર્કલ પાસે આવેલા કમ્પાઉન્ડ વોલ વાળા ટ્રાન્સમીટીંગ સ્ટેશનમાં ચોરી થવા પામી છે. આ ટ્રાન્સમીટીંગ સ્ટેશન હાલ બંધ હાલતમાં હોવાથી ઈન્ટર સ્ટેટ પોલીસ વાયરલેસ સ્ટેશન દ્વારા તેનો ગોડાઉન તરીકે ઉપયોગ થાય છે. અહીં એક રૂમમાં જનરેટર રાખવામા આવ્યા છે, જેને ઓપરેટ કરવા ઉપરાંત તેની દેખરેખ માટે દર બુધવારે એક કર્મચારી ફરજ બજાવે છે. ૨૩મી તારીખે ગોડાઉનનો દરવાજો બંધ કર્યા બાદ ૨૯મી તારીખે ગોડાઉનનું તાળુ ખોલવામાં આવ્યુ હતુ. ત્યારે અંદર જઈને જોયુ તો સામાન વેરવિખેર પડ્યો હતો. તપાસ કરતાં અંદરથી અથલ્લગ પ્લેટ, કોપરના વાયરો, ટોનર કાર્ટીઝ, લોખંડની પાઈપ, પાણીના ૧૪ નળ જેવો માલસામાન મળી કુલ રુ. ૨૧,૯૦૦ની કિંમતનો સામાન ગુમ હતો. જેને પગલે પોતાની દિલ્હી સ્થિત ઓફિસમાં ચોરીની જાણ કરીને સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ગોડાઉનના મુખ્ય દરવાજાનું તાળુ તુટ્યું નથી એટલે તસ્કરે કમ્પાઉન્ડના પાછળના ભાગે દિવાલ કુદીને અંદર પ્રવેશ કરીને ચોરી કરી હોવાની શંકા સ્ટેશન અધિક્ષકે વ્યક્ત કરતા પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

ગ્રામ્ય સંસ્કૃતિમાં ચબૂતરાનુ અનોખુ સ્થાન છે. જૂના શહેરોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ કલાત્મક ચબૂતરાઓ જોવા મળે છે. શહેરોમાં આડેધડ ઉભા થતાં હાઈરાઈઝ ઈમારતોની હારમાળામાં પક્ષીઓના આ ચબૂતરા સાવ ભુલાઈ ગયા છે. ચબૂતરા ન હોવાથી પક્ષીઓ શહેરી વિસ્તારમાંથી પલાયન થઈ જાય છે. ગાંધીનગરની બાંધકામ ક્ષેત્રની અગ્રણી કંપની સિદ્ધરાજ ઈન્ફ્રા પ્રા.લી.એ શહેરમાં વિવિધ સ્થળોએ ચબૂતરા બાંધવાનો યજ્ઞ આરંભ્યો છે. સો જેટલા ચબૂતરાઓના નિર્માણનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. શહેરના સેવાક્ષેત્રમાં સિદ્ધરાજ ગ્રુપની અનોખી પહેલથી પક્ષી પ્રમીઓ આનંદિત થયા છે.

સિવિલની એમ્બ્યુલન્સની તુટેલી સીટોને કારણે દર્દીઓ હેરાન



ગાંધીનગર, તા.૩૧

ઈજાગ્રસ્ત, બિમાર અને અશકત દર્દીને લાવવા-મુકવા જતી એમ્બ્યુલન્સની સીટો જર્જરીત હાલતમાં છે. દર્દથી કણસી રહેલો દર્દી તુટેલી સીટોમાં સુઈ જતા તેની વેદનમાં વધારો થાય તેમ છે. ત્યારે બિમાર દર્દીઓને સારવાર માટે અમદાવાદ લઈ જતી એમ્બ્યુલન્સ બિમાર હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે એમ્બ્યુલન્સની તુટેલી સીટો પર બેસવા કોઈ તૈયાર થાય તેમ નથી. ત્યારે હજજારો રૂપીયાનો ખર્ચ કરતી સિવિલ હોસ્પિટલ સામાન્ય જરુરીયાતનો ખર્ચ કરવામાં પણ પાછી પાની કરતી હોય તેમ લાગી રહ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની એમ્બ્યલન્સ સતત દર્દીઓને લઈ અમદાવાદ ગાંધીનગર દોડાદોડી કરતી હોય છે. એમ્બ્યુલન્સ રોજના કેટલાક કિલોમીટર ફરતી હોય છે. ત્યારે કેટલીક એમ્બ્યુલન્સ ખખડધજ હાલતમાં છે, છતા પણ કામગીરી કરી રહી છે. કિલોમીટર પુરા થઈ ગયા હોય તેવી એમ્બ્યુલન્સ પણ દોડતી નજરે પડે છે. ત્યારે સિવિલમાં ઈજા પામેલા કે વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવે છે.ત્યારે દર્દીઓની હાલત કફોડી બની જવા પામે છે. સિવિલની એમ્બ્યુલન્સી સીટો જ ખરાબ હાલતમાં હોવાથી દર્દીના સગાઓ દર્દીને કયાં સુવડાઈ લઈ જવો તેની મથામણ કરતા હોય છે. તે ઉપરાંત પોતાની સાથે રહેલ ચાદર કે ગોદડી મુકી દર્દીને સુવડાવવાની ફરજ પડે છે. નહી, તો અશકત અને દર્દથી કણસી રહેલા દર્દીના દર્દમાં વધારો થાય તેવી સ્થિતિ ઉભી થવા પામે છે. ત્યારે સિવિલની એમ્બ્યુલન્સ પણ બિમારીમાં સપડાઈ હોય તેમ લાગે છે. સિવિલ તંત્ર દ્વારા હજજારો રૂપીયા ખર્ચ કરવામાં આવે છે પરંતુ એમ્બ્યુલન્સમાં સીટો નાંખવી જરુરી બન્યું છે.

મા ઉમિયાના ભવ્ય રથ પરિભ્રમણથી નગરમાં દિવ્ય ચેતના જાગૃત થશે

આગામી ૫ ફેબ્રુઆરીએ મા ઉમિયાનો રથ શહેરનું પરિભ્રમણ કરશે, ૪ ફેબ્રુઆરીએ રાસ-ગરબા અને દિવ્ય આરતીનો કાર્યક્રમ : શહેરના ભાવિકોને પોતાના વાહનો સાથે રથયાત્રામાં જોડાવવા અપીલ

ગાંધીનગર, તા. ૩૧

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગર દ્વારા વિશ્વ ઉમિયા દિવ્યસ્થ પરિભ્રમણનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદથી ૪ ફેબ્રુઆરીના રોજ માતાજીનો રથ ગાંધીનગર સે. ૧૨ સ્થિત માતાજીના પરિસરમાં આવશે, જે નિમિત્તે રાત્રે ૮ કલાકે ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જ્યારે તા. ૫ ફેબ્રુઆરીના રોજ આ નિમિત્તે ગાંધીનગર શહેરમાં ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે.

ઉમિયા માતાનો દિવ્યરથ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદથી આગામી તા. ૪ ફેબ્રુઆરીના રોજ સાંજે ગાંધીનગર ઉમિયા માતાના પરિસરમાં પહોંચશે. આ દિવસે રાત્રે ૮ થી ૧૦.૩૦ માતાજીની આરાધનાના ભાગરૂપે ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે તથા તા. ૫-૨-૧૯ મંગળવારના રોજ સવારે ૭ કલાકથી દિવ્યરથનું પ્રસ્થાન કરવામાં આવશે અને રથયાત્રાનું પરિભ્રમણ સવારે ૭ થી ૧ કલાકે સે. ૧ થી ૧૨માં થશે અને બપોરે ૨ થી ૮ કલાકે સે. ૧૩ થી ૩૦માં થશે. રથયાત્રા ઉમિયા માતા મંદિરથી પ્રસ્થાન થઈ ઘ-રોડ થઈને પથિકાશ્રમની ડાબી બાજુ નીકળશે. ત્યાથી સે. ૭ સ્કૂલ થઈ સૌરાષ્ટ્ર લેઉઆ પાટીદાર સમાજ અને ચીપટાઈપ શોપીંગ થઈ ચ-રોડ ક્રોસ કરી સે. ૮ ત્ર્યંબકેશ્વર/શોપીંગથી થઈને સે. ૧ ગાયત્રી મંદિર પહોંચશે.

ત્યાંથી ચ-રોડ ક્રોસ કરી સે. ૨-એ/ડી સ્વામિનારાયણ મંદિર રોકાશે. ત્યાંથી સે. ૨ના શોપીંગ સેન્ટર થઈ ઘ-રોડ ક્રોસ કરી હાઈટેક હોસ્પિટલની જમણી બાજુ સે. ૩ ડ્રેનેજ ઈન્ક્વાયરી અને અંબાજી માતાના મંદિરે રોકાણ કરશે. સે. ૩-બી થઈને ઠાકર સમાજ સંકુલ થઈ સે. ૩ ન્યુ શોપીંગ સેન્ટર થઈ જમણી બાજુ નાના ગ રોડ થઈ આરટીઓ સર્કલથી ડાબી બાજુ થઈને સે. ૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર થઈ સે. ૫માં અંબાજી માતા મંદિર, પ્રેરણા વિદ્યાલય રોકાઈ જી.એસ.પી.સી. ઓફિસ થઈ સે. ૬ ખાતે સે. ૬-બી સ્વામિનારાયણ મંદિર ચીપટાઈપ શોપીંગ સેન્ટર થઈ સે. ૬ની ઈન્ક્વાયરી જશે.

આ દિવ્યરથ આગળ વધીને ભુવનેશ્વર મહાદેવ થઈ સે. ૧૨ રંગમંચ પાસેથી સે. ૧૨માં માતાજીના પરિસરમાં યાત્રા પાછી ફરશે. થોડા વિરામ બાદ બપોરે ૨ વાગે યાત્રા સે. ૧૩ થી ૩૦ તરફ પ્રયાણ કરશે. યાત્રા ઘ-રોડ થઈને સે. ૧૩ લિમ્બચ માતાજી મંદિર આગળ શોપીંગ સેન્ટર થઈ સે. ૧૩ની નિરામય હોસ્પિટલ શોપીંગ/શક્તિ ચોકે રોકાશે. ત્યાંથી મહાત્મા મંદિર કમ્પાઉન્ડ થઈ ખ-રોડથી સે. ૧૪ રેલવે સ્ટેશન મહાત્મા મંદિર રોડ થઈને સે. ૧૪માં પ્રવેશશે. ત્યારબાદ સે. ૧૪થી ખ-રોડ એન્જીનીયરીંગ સર્કલ થઈ સ્ટેમ્પ ડ્યુટી ભવન પ્રવેશ કરશે. સે. ૨૫ ન્યુ મંદિર રોકાઈ જુના સે. ૨૫માં પ્રવેશી ચીપટાઈપ શોપીંગ થઈ ખ-રોડ ક્રોસ કરી સે. ૨૪ હનુમાનજી મંદિર/અંબાજી માતા ચોક બહારના ચાર રસ્તાથી સે. ૨૪ ઈન્ક્વાયરી અને આર્યસમાજ થઈ નાનો ગ-રોડ ક્રોસ કરી સે. ૨૩ સ્વામિનારાયણ સર્કલ અને ગુરૂકુળ સ્કૂલ થઈને પંચવટી સોસાયટી પાસેથી સે. ૨૩ શોપીંગ સેન્ટર અને ઈન્ક્વાયરીથી નાના શોપીંગ કડી કેમ્પસ સર્કલ રોકાઈને ઘ-રોડ ક્રોસ કરી જમણીબાજુ વળી સે. ૨૨ આયુર્વેદ દવાખાના થઈ સે. ૨૨ મેઈન શોપીંગ ખાતે રોકાઈ પંચદેવ મંદિર/વાસ્તુ નિર્માણ સોસાયટી થઈ શક્ય હશે તો જૂના-નવા સચિવાલય રોડને આવરી ત્યાંથી ચ-રોડ ક્રોસ કરી સે. ૨૧ વિશ્વકર્મા શોપીંગ સેન્ટરથી જીમખાના થઈ રાજશ્રી સિનેમા રોડથી સે. ૩૦ સર્કલથી સર્વોદયનગર સોસાયટીથી સે. ૩૦ ઈન્ક્વાયરી/શોપીંગ થઈ જુના આરટીઓથી ચંદ્રોદય સોસાયટી રાંધેજા સોસાયટી ચાર રસ્તાથી ચ-રોડ ક્રોસ કરી સે. ૨૯ ઈન્ક્વાયરી થઈને ડૉ. મુનીરાના દવાખાના અંદરના રોડથી જલારામ મંદિર સે. ૨૯ શોપિંગ સેન્ટર રોકાઈ ઘ-રોડ ક્રોસ કરી પોલીસ સ્ટેશનના રોડે થઈ આરાધના સ્કૂલથી નીકળી સે. ૨૮ બ્રહ્માકુમારીઝ મંદિરથી વડિયા પ્રજાપતિ સમાજ થઈ ડાબા હાથે રીંગરોડ ઉપર સે. ૨૭ આનંદનગર સોસાયટી/સાંઈબાબાના અંદરના ત્રણ રસ્તાએ રોકાઈને સે. ૨૭ની સુવિધા ગર્વમેન્ટ હાઈસ્કૂલ થઈ ઉભા રોડથી જીઆઈડીસી સર્કલ, ક-રોડથી ફાટક થઈને ગ્રીનસીટીથી અંબાજી માતા મંદિર/કોમન પ્લોટ/પ્રાઈવેટ બંગલા આગળથી નીકળીને ડી-માર્ટ થઈ ક-રોડ સંસ્કૃતિ સર્કલથી સે. ૨૬ કિસાનનગર કોમન પ્લોટથી શક્તિચોક રોકાઈ કિસાનનગર રીંગ રોડ થઈ ઘ-રોડ થઈ ઉમિયા માતાના મદિરે પરત ફરશે.

મા ઉમિયાના દિવ્ય રથનું સેક્ટરોમાં ભવ્ય સ્વાગત કરવામાં આવશે. વિવિધ સંસ્થાઓ, સોસાયટીના રહીશો, વેપારી મિત્રો સહિત નગરના અગ્રણીઓ દ્વારા રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ રથયાત્રામાં ભાવિકોને પોતાના વાહનો અને પરિવાર સાથે જોડાવવા સંસ્થાએ અપિલ કરી છે.

ડુંગરી ગરાસીયા સેવા સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા આગામી તા. ૩ ફેબુઆરી રવિવારના રોજ સવારના ૧૧ કલાકે ટાઉનહોલ ગાંધીનગર ખાતે સમાજના પંદરમાં વાર્ષિક સ્નેહમિલન સમારંભનું આયોજન કરાયું છે. આ સમારંભમાં સમાજની પરંપરા અને સંસ્કૃતિને ઉજાગર કરતા કાર્યક્રમો, યુવા પ્રતિભાઓ, કારકિર્દી ક્ષેત્રે તેમજ શૈક્ષણિક અને રમત-ગમત ક્ષેત્રે સિદ્ધી મેળવનારાઓનું સન્માન કરવામાં આવશે. જેમાં સમાજના સૌ સભ્યોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. યાદવ રામદાસ રામનાથ ઉ.વ.૬૧
- સ્વ. શેઠ રેખાબેન જયેશભાઈ ઉ.વ. ૪૩
- સ્વ. ઠાકોર સેંધાજી રામસંગજી ઉ.વ. ૭૫
- પટેલ જીવણભાઈ આભરામ ઉ. વ. ૬૫